૩૯૫૯૦-૬૫૧.

નં. સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૦/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર–૧૭, ગાંધીનગર
તા.૨૫.૧૧.૨૦૨૦

પ્રતિ

| | | |
|---|---|---|
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી<br>જિલ્લા. તમામ | જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,<br>જિ. તમામ | એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારીશ્રી,<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા |

**વિષયઃ "હોમ લર્નિંગ" અંતર્ગત કામગીરી બાબત.**

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપ સૌના સહિયારા પ્રયત્નોથી હોમલર્નિંગ અંતર્ગત ખૂબ જ સુંદર કામગીરી થઈ રહેલ છે. માન.એસપીડીશ્રી મેડમશ્રીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ વિડિયો કોન્ફરન્સમાં આપના ધ્વારા આ અંતર્ગત કરવામાં આવેલ નવિન પ્રયાસોની ચર્ચા કરવામાં આવેલ હતી.

આપણી પાસે સર્વે આધારિત ડિવાઈસ વગરના બાળકોની યાદી છે. તેમના હોમ લર્નિંગ માટે અગાઉ આપને માર્ગદર્શન આપવામાં આવેલ છે. તો એક પણ ડિવાઈસ વગરનો બાળક હોમ લર્નિંગથી વંચિત ન રહે તે માટે પૂરતાં પ્રયત્નો કરવા વિનંતી તેમજ કરેલ કામગીરીની જાણ આ કચેરીને કરવા વિનંતી.

હોમ લર્નિંગના દરેક કાર્યક્રમોનો પૂરતો પ્રચાર–પ્રસાર કરવા વિનંતી.

સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

---

ક્રમાંકઃમાવિ.૬/પરીપત્ર/૨૦૨૦/૨૯૭૭૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૨૭/૧૧/૨૦૨૦

<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂં.</u>

૨૭-૧૧-૨૦૨૦
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner

<u>**અલગ અલગ જિલ્લા ધ્વારા કરવામાં આવતાં નવતર પ્રયત્નો**</u>

હોમ લર્નિંગ અંતર્ગત દુરદર્શન કેન્દ્ર અમદાવાદ ધ્વારા ડીડી ગિરનાર પર પ્રસારીત થતાં કાર્યક્રમો વધુમાં વધુ બાળકો સુધી પહોંચાડવા માટે, આપના ધ્વારા કોમ્યુનિટિનો ઉપયોગ કરી પંચાયત ભવન, જ્ઞાતિની વાડી, કોમ્યુનિટિ હોલ વગેરેમાં પણ દાતા ધ્વારા ટીવીની ઉપલબ્ધતા કરાવી કોવિડ–૧૯ ની ગાઈડ લાઈનનું પાલન કરી કાર્યક્રમો બતાવવામાં આવે છે. અમુક જિલ્લાઓમાં ગામના આગેવાનો/યુવાનો ધ્વારા એકબીજાના ઘરે આ પ્રકારની વ્યવસ્થા કરી જરૂરીયાતવાળા બાળકોને કાર્યક્રમો બતાવવામાં આવે છે.

આણંદ જિલ્લા ધ્વારા જુના ટીવી રીપેરીગ વાળા તેમજ દુકાનો મારફત સંસ્થાઓ/દાતાઓ ધ્વારા નજીવા ખર્ચે ટીવી ની જરૂરીયાત વાળા વાલીઓને જુના ટીવી આપવામાં આવી રહેલ છે. અન્ય જિલ્લામાં પણ દાતાઓશ્રી ધ્વારા આવી વ્યવસ્થા કરવામાં આવી રહેલ છે. જે બાબત ખૂબ જ પ્રશંસનીય છે.

ગુજરાત વર્ચ્યુઅલ શાળા (GVS) ઓનલાઈન કલાસીસ માટે પણ જુના મોબાઈલ/ટેબ્લેટ બાળકોને આપવા માટેનું પ્રસંશનીય કાર્ય કરવામાં આવી રહેલ છે.

આપ ઉપર મુજબ જુના ટીવી/ટેબ્લેટ/મોબાઈલ બેન્ક તાલુકાકક્ષાએ ઉભી કરી જરૂરીયાત વાળા વિદ્યાર્થીઓને હોમ લર્નિંગ માટે આપી શકાય તે વિચાર અનુકરણીય છે.



Scanned by CamScanner